


ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 214
Dt.: 16-04-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


### બિહારમાં ૭૫ વર્ષમાં પહેલીવાર ભાજપના મુખ્યમંત્રી

# સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા

## જેડીયુના કોટાથી વિજયકુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધાઃ આજે ફક્ત ત્રણ નેતાઓના જ શપથગ્રહણ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારમાં ભાજપે ઈતિહાસ રચ્યો છે. ૭૫ વર્ષમાં પહેલીવાર રાજ્યમાં ભાજપના મુખ્યમંત્રી બન્યા છે. સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યપાલ સૈય્યદ અતા હસનૈને તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. તેમણે બિહારના ૨૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધી. સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા જ્યારે જેડીયુના કોટાથી વિજયકુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. આજે ફક્ત આ ત્રણ નેતાઓના જ શપથગ્રહણ થયા. આ ભવ્ય શપથગ્રહણ સમારોહમાં ભાજપના અધ્યક્ષ નીતિન નબીન, કેન્દ્રીયમંત્રી જેપી નડ્ડા, ચિરાગ પાસવાન અને જીતનરામ માંઝી ખાસ હાજર રહ્યા હતા. શપથગ્રહણ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી નીતિશકુમાર પણ હાજર રહ્યા. શપથ લેતા પહેલા સમ્રાટ ચૌધરી મંદિર ગયા અને ત્યાં પૂજાપાઠ પણ કર્યા હતા. મંગળવારે સાંજે ભાજપે આ વખતે વધુ ન ચોંકાવતા વિધાયક દળના નેતા તરીકે સમ્રાટ ચૌધરીને ચૂંટ્યા હતા. આ સાથે જ હવે બિહારમાં સમ્રાટ યુગ શરૂ થશે.

સમ્રાટ ચૌધરીના નામ પર નીતિશકુમાર પણ રાજી હતા. મંચ પરથી તેમણે અનેક વખત ઈશારામાં સમ્રાટને આગળ પણ વધારેલા હતા. સીએમ પદ મળ્યા બાદ સમ્રાટ ચૌધરીએ કહ્યું હતું કે વિધાયક દળની બેઠકમાં નીતિશકુમારે પોતે જ તેમના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેમને આશીર્વાદ આપ્યા હતા. બિહારના રાજકીય ઈતિહાસમાં એક નવો અધ્યાય લખાયો છે. સમ્રાટ ચૌધરીએ પટનાના લોકભવનમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં બિહારના ૨૪મા મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ ગ્રહણ કર્યા છે. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને તેમને શપથ લેવડાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બિહારના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે ભારતીય જનતા પાર્ટીના કોઈ નેતાએ મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળી હોય. સમ્રાટ ચૌધરીની સાથે JDU ક્વોટામાંથી વિજય કુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આજના કાર્યક્રમમાં માત્ર આ ત્રણ નેતાઓના જ શપથ લેવામાં આવ્યા છે, શપથ સમારોહમાં હાજરી આપવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, ચિરાગ પાસવાન અને જીતન રામ માંઝી જેવા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમ્રાટ ચૌધરીની વાત કરીએ તો તેમનું કોઈ આરએસએસ બેકગ્રાઉન્ડ કે પહેલેથી ભાજપમાં હતા એવું નહતું. પરંતુ આમ છતાં બિહારમાં પહેલીવાર ભાજપના સીએમ અને એ પણ તેમના નામે કળશ ઢોળાયો. સમ્રાટ ચૌધરીએ પોતાની રાજકીય ઈનિંગની શરૂઆત લાલુ પ્રસાદ યાદવની આરજેડીથી કરી હતી.

ત્યારબાદ જેડીયુમાં થઈને ૮ વર્ષ પહેલા ભાજપમાં જોડાયા હતા. આરજેડી અને જેડીયુમાં હતા ત્યારે સમ્રાટ ચૌધરી વિધાયક અને મંત્રી જરૂર બન્યા હતા પરંતુ રાજનીતિક બુલંદી ભાજપમાં આવીને મેળવી. સમ્રાટ જે સ્પીડથી આગળ વધ્યા તમામ ભાજપના નેતાઓને તેમણે પાછળ છોડ્યા અને આજે તેઓ ભાજપના મુખ્યમંત્રી બન્યા. બિહારના રાજકારણમાં સમ્રાટ ભાજપના કુશળ રણનીતિકાર અને પછાત વર્ગના ચહેરા તરીકે આગળ આવ્યા. નીતિશની એનડીએમાં વાપસી થતા સમ્રાટ ચૌધરી ભાજપના કોટામાંથી ડેપ્યુટી સીએમ બન્યા હતા. તેમણે રામલલ્લાને પાઘડી સોંપી અને નીતિશના રાજકીય વારસદાર તરીકે પોતાને મજબૂત કરવામાં મહેનત કરી. ડેપ્યુટી સીએમ હતા ત્યારે સમ્રાટ



ચૌધરી સત્તાના એક મજબૂત પ્રશાસક અને ભરોસાપાત્ર વિકલ્પ તરીકે ઊભર્યા. પરિણામ સ્વરૂપે ૨૦૨૫ની ચૂંટણીમાં સમ્રાટ ચૌધરી વિપક્ષી દળોના નિશાને પણ રહ્યા. જેના કારણે ૨૦૨૫ની જીત બાદ નીતિશકુમારે સમ્રાટને ડેપ્યુટી સીએમ ફરીથી બનાવ્યા અને બિનસત્તાવાર રીતે પોતાના વારસદાર પણ જણાવ્યા. ભાજપના વિધાયકોએ તેમને સર્વસંમતિથી પોતાના નેતા માન્યા હતા.

# ઈરાને ચીની સેટેલાઈટનો ઉપયોગ કરી અમેરિકન સૈન્ય ઠેકાણાને ટાર્ગેટ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાને ચીનના જાસૂસી સેટેલાઈટનો ઉપયોગ કરીને મધ્ય પૂર્વમાં આવેલા અમેરિકન સૈન્ય ઠેકાણાઓની રેકી કરી હતી. આ જાસૂસીને કારણે ઈરાનને તમામ મહત્વની જાણકારી મળી ગઈ હતી અને ત્યારબાદ યુદ્ધ દરમિયાન તેને અમેરિકન ઠેકાણાઓને વીણી-વીણીને નિશાન બનાવ્યા હતા. ચીની સેટેલાઈટનો આ ઉપયોગ ૨૦૨૪ના છેલ્લા દિવસોમાં કરવામાં આવ્યો હતો. ફાઈનાન્શિયલ ટાઈમ્સના અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે.

રિપોર્ટ અનુસાર, ઈરાને TEE-01B સેટેલાઈટ્સનો ઉપયોગ કર્યો હતો, જેને ચીની કંપની અર્થ આઈ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. ઈરાની સેનાની એરોસ્પેસ ફોર્સે આ સેટેલાઈટની સેવાઓ ખરીદી હતી. ચીન દ્વારા આ સેટેલાઈટ્સ લોન્ચ કર્યાના ગણતરીના દિવસોમાં જ ઈરાને તેની સેવાઓ લેવાનું શરૂ કરી દીધું હતું.

બીજી તરફ, ચીની વિદેશ મંત્રાલયે આ રિપોર્ટને ધરમૂળથી ફગાવી દીધા છે. ચીનનું કહેવું છે કે તેના પર ટેરિફ લગાવવા માટે આવા પાયાવિહોણા આરોપો લગાવવામાં આવી રહ્યા છે.

આ મનઘડંત આરોપોનો ઉપયોગ ચીન પર ટેરિફ લાદવાના બહાના તરીકે થઈ શકે છે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાન જણાવ્યું કે જો અમેરિકા અમારા પર ટેરિફ વધારશે તો અમે પણ તેનો જડબાતોડ જવાબ આપીશું.

ફાઈનાન્શિયલ ટાઈમ્સે લખ્યું છે કે ઈરાની સેનાના લીક થયેલા દસ્તાવેજોના અભ્યાસ બાદ આ માહિતી સામે આવી છે. અખબારના જણાવ્યા અનુસાર, ઈરાની સેનાના કમાન્ડરોએ સેટેલાઈટ દ્વારા અમેરિકન સૈન્ય ઠેકાણાઓની મોનિટરિંગ કરવાના આદેશ આપ્યા હતા, ત્યારબાદ સેટેલાઈટની મદદથી તસવીરો અને અન્ય વિગતો મેળવવામાં આવી હતી.

આ તસવીરો ઘણા સમય પહેલા એકઠી કરવામાં આવી હતી. ત્યારબાદ જ્યારે ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલા કર્યા, ત્યારે ઈરાને પણ વળતો પ્રહાર કર્યો હતો. ઈરાને ઈરાક, કતાર, સાઉદી અરેબિયા સહિતના દેશોમાં આવેલા અમેરિકન સૈન્ય ઠેકાણાઓ પર ઘાતક હુમલા કર્યા હતા. એવી પણ માહિતી છે કે ચીની સેટેલાઈટ્સની રેન્જમાં એશિયાનો મોટાભાગનો હિસ્સો આવે છે, આ ઉપરાંત લેટિન અમેરિકા સહિતના અન્ય ક્ષેત્રો પણ તેની ઝપેટમાં છે.

ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ પોતે પણ ચીન પર આરોપ લગાવી ચૂક્યા છે કે તેણે હથિયારો દ્વારા ઈરાનને મદદ કરી છે. ટ્રમ્પે કહ્યું હતું કે મેં કેટલાક દેશો પર ૫૦ ટકા વધારાનો ટેરિફ લગાવવાની જે વાત કરી છે, તે મુખ્યત્વે ચીન માટે જ છે.

મહત્વનું છે કે મે મહિનામાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતે ચીન પ્રવાસે જવાના છે. એવું પણ માનવામાં આવે છે કે કદાચ પોતાના પ્રવાસ પહેલા એક સારી ડીલ માટે ચીન પર દબાણ લાવવાની તેમની આ એક વ્યૂહનીતિ હોઈ શકે છે.

# પવન ખેડાને સુપ્રીમનો ઝટકોઃ તેલંગાણા હાઈકોર્ટના જામીન આદેશ પર રોક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાની મુશ્કેલીઓમાં વધારો થયો છે. સુપ્રીમ કોર્ટે આજે તેલંગાણા હાઈકોર્ટના તે આદેશ પર રોક લગાવી દીધી છે, જેમાં ખેડાને એક સપ્તાહ માટે ટ્રાન્ઝિટ આગોતરા જામીન આપવામાં આવ્યા હતા. આસામ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતાં સર્વોચ્ચ અદાલતે આ કડક વલણ અપનાવ્યું છે.અસામમાં નોંધાયેલી એફઆઈઆર(FIR)ના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે મહત્ત્વની ટિપ્પણી કરી છે. કોર્ટે પવન ખેડાને નોટિસ પાઠવી છે અને ત્રણ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. આ સાથે તેલંગાણા હાઈકોર્ટે આપેલી રાહતને સુપ્રીમ કોર્ટે અટકાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો પવન ખેડા આગોતરા જામીન મેળવવા માંગતા હોય, તો તેમણે આસામની સંબંધિત અદાલતનો જ સંપર્ક કરવો પડશે.

### ભારતીય પ્રતિનિધિમંડળ ૨૦ એપ્રિલે અમેરિકા પહોંચશે

# મોદી-ટ્રમ્પની વાતચીત બાદ ભારતીય ડેલિગેશન US જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ભારતીય પ્રતિનિધિમંડળ ટ્રેડ ડીલ અને ટેરિફ મુદ્દે આગામી સપ્તાહે વોશિંગ્ટન પહોંચીને અમેરિકન નેતાઓ સાથે બેઠક કરશે.

ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ૪૦ મિનિટ સકારાત્મક વાતચીત થયા બાદ આ નિર્ણય લેવાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ભારતીય પ્રતિનિધિમંડળ ૨૦થી ૨૨ એપ્રિલ દરમિયાન અમેરિકા જવાનું છે. આ દરમિયાન બંને દેશો ટ્રેડ ડીલ અને ટેરિફ સંબંધી ગૂંચવાયેલા મુદ્દાઓનો નિવેડો લાવવા પર અને સમજૂતીને અંતિમ રૂપ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરશે. ટ્રેડ ડીલને લઈને બંને દેશો વચ્ચે અનેક બેઠકો યોજાઈ ગઈ છે, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણાયક નિર્ણય લેવાયો નથી. ગઈકાલે (૧૪ એપ્રિલે) વડાપ્રધાન મોદી અને અમેરિકન રાષ્ટ્રપ્રમુખ વચ્ચે ૪૦ મિનિટ સુધી ટેલિફોનિક વાતચીત થઈ હતી. અમેરિકા-ઈરાન વચ્ચે બે સપ્તાહનું યુદ્ધવિરામ જાહેર કર્યા બાદ અને ઈસ્લામાબાદમાં મંત્રણા નિષ્ફળ ગયા બાદ બંને નેતાઓ વચ્ચે પહેલીવાર આ વાતચીત થઈ હતી. ભારતમાં અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે બંને નેતાઓઓ વચ્ચે સકારાત્મક વાતચીત થઈ હોવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, બંને નેતાઓ વચ્ચે ટ્રેડ ડીલ સહિત અનેક મહત્ત્વના ક્ષેત્રો પર ચર્ચા થઈ છે. અમેરિકન રાજદૂતે સંકેત આપ્યા છે કે, આગામી દિવસોમાં ભારત-અમેરિકા વચ્ચે ઊર્જા સહિત અનેક મોટા સમજૂતી થઈ શકે છે. વડાપ્રધાન મોદીએ પણ એક્સ પર પોસ્ટ કરીને ટ્રમ્પ સાથે વાતચીત કરી હોવાની માહિતી આપી છે. તેમણે લખ્યું હતું કે, 'મારા મિત્ર રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોન આવ્યો હતો. અમે દ્વિપક્ષીય સંબંધો હેઠળ વિવિધ સેક્ટરોમાં થયેલી મહત્ત્વની પ્રગતિ પર સમીક્ષા કરી છે. અમે તમામ સેક્ટરોમાં વ્યાપક અને વૈશ્વિક ભાગીદારી વધારવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે મધ્ય-પૂર્વની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. આ ઉપરાંત હોર્મુઝ જળમાર્ગ ખુલ્લો રાખવા અને સુરક્ષિત રાખવાના મહત્ત્વ પર પણ ચર્ચા કરી હતી.'

# યુદ્ધને કારણે સંકટમાં ફસાયેલી એરલાઈન્સોની વહારે કેન્દ્ર સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકાર એરલાઈન કંપનીઓને લગભગ ૪ હજાર કરોડનું ઈમરજન્સી લોન પ્રોગ્રામ પેકેજ આપવા જઈ રહી છે. તેનો હેતુ ઈરાન યુદ્ધના કારણે આવેલી ઓપરેશનલ મુશ્કેલીઓથી કંપનીને રાહત આપવાનો છે. આ યોજના હેઠળ દરેક એરલાઈનને ૧ હજાર કરોડ રૂપિયા સુધીની લોન પર સરકારી ગેરંટી મળશે. તે ઉપરાંત એરલાઈન્સને ૫૦૦ કરોડની વધારાની લોન પણ મળી શકે છે. પરંતુ તે માટે કંપનીના માલિકોએ એટલા પૈસા પોતાના પણ રોકાણ કરવા પડશે. આ પ્લાન નાણાં મંત્રાલયની મોટી યોજનાનો ભાગ છે. જેમાં સરકાર લોન પર ગેરંટી આપી બિઝનેસને સપોર્ટ કરે છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ લોન ગેરંટી માત્ર મદદ માટે છે, જ્યારે લોન દેવા પહેલા બેંક તેમની રીતે સંપૂર્ણ તપાસ કરી શકે છે. SpiceJetને આનો સૌથી વધુ લાભ મળી શકે છે. કેમ કે કંપની પહેલાથી કેશની તંગી સામે ઝઝૂમી રહી છે. પગાર આપવામાં તેમજ કર્મચારીઓને પગાર વગર રજા પર ઉતારવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જેટ ફ્યુલની કિંમતો પણ ઝડપથી વધી રહી છે. મધ્ય પૂર્વમાં જઈ રહેલી ફ્લાઈટની ઉડાન સંખ્યામાં પણ ઘટાડો આવ્યો છે. દુબઈ જેવા મોટા એરપોર્ટ પર સીમિત સંખ્યામાં ઉડાનને મંજૂરી મળી રહી છે. જેની પણ સીધી અસર પડી છે. કેમ કે સૌથી મોટી કમાણી ખાડી દેશોની જ ફ્લાઈટ્સમાંથી જ આવે છે. અમેરિકા અને ઈરાન દ્વારા અસ્થાયી યુદ્ધવિરામની ઘોષણા પછી પણ ઉડાન પહેલાની જેમ નિરંતર શરૂ થઈ શકી નથી, અનિશ્ચિતતાનો માહોલ હજુ પણ બની રહ્યો છે.




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની
સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૬
વોર્ડ - ૪ સાબરમતી
ના બક્ષીપંચના અપક્ષ ઉમેદવાર

| અ.નં. | નામ | નિશાન | બટન |
|---|---|---|---|
| ૧૫ | અજયકુમાર રમણલાલ પ્રજાપતિ (અજય પટણી) | કુવો | |

મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ ને રવિવારના રોજ સમય : સવારે ૭-૦૦ થી સાંજે ૬-૦૦ સુધી
સાબરમતીના ભાવિ વિકાસ માટેના બક્ષીપંચના અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી કરેલ છે.
તો આપનો કિંમતી અને પવિત્ર એક જ વોટ
આપી વિજયી બનાવવા મારી નમ્ર વિનંતી છે.



ગરવી ગુજરાત
ગુજરાતી

JioTV
CHENNAL NO.
3010

TATA PLAY
CHENNAL NO.
2111

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

## તંત્રી લેખ......

### વસ્તી ગણતરી ઘણી સમસ્યાઓનો ઉકેલ છે

કલ્યાણકારી રાજ્યના વિકાસમાં વસ્તી ગણતરીની ભૂમિકા મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સદીઓ પહેલા, તેમના કાર્ય, અર્થશાસ્ત્રમાં, કૌટિલ્યએ પણ ઉલ્લેખ કર્યો હતો કે જો કોઈ રાજ્ય વધુ સારું શાસન પૂરું પાડવા માંગે છે, તો તેને તેના લોકોનું સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ. કૌટિલ્ય માનતા હતા કે જે રાજ્ય તેના લોકોની ગણતરી કરતું નથી તે અંધારામાં શાસન કરે છે. ભારતમાં કોવિડ અને અન્ય પરિબળોને કારણે ચાલી રહેલી વસ્તી ગણતરી પર જે અંધકાર છવાયેલો હતો તે આખરે દૂર થઈ ગયો છે, અને આ મહિનાની શરૂઆતમાં ભારતમાં વસ્તી ગણતરી સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હોવાથી, વસ્તી ગણતરી પ્રક્રિયા પણ એટલી જ વ્યાપક હશે.

૩૦ લાખથી વધુ ગણતરીકારો, સુપરવાઈઝર અને અધિકારીઓ મહિનાઓના સમયગાળામાં ૧.૪ અબજ ભારતીયોને ૩૩ પ્રશ્નો પૂછશે. આ વિશ્વની સૌથી મોટી વહીવટી કવાયત બનવાની તૈયારીમાં છે, જે દેશભરના ૭,૦૦૦ થી વધુ શહેરો અને ૬,૦૦,૦૦૦ થી વધુ ગામડાઓમાં ફેલાયેલી છે. આ વસ્તી ગણતરીની મુખ્ય વિશેષતા એ છે કે તે સંપૂર્ણપણે ડિજિટલ રીતે હાથ ધરવામાં આવશે. બધા ભારતીય નાગરિકો ૧૬ ભાષાઓમાં ઉપલબ્ધ પોર્ટલ દ્વારા સ્વ-ગણતરી કરી શકે છે. તેનું માસ્કોટ નામ પ્રગતિ અને વિકાસ છે. તેનો પ્રતીકાત્મક અર્થ અને સંકળાયેલ આકાંક્ષાઓ સ્પષ્ટ છે.

ભારતમાં વસ્તી ગણતરીની પરંપરાના મૂળ સ્વતંત્રતા પહેલાના સમયથી છે. પ્રથમ આધુનિક પ્રયાસ ૧૮૬૫ થી ૧૮૭૨ ની વચ્ચે બ્રિટિશ શાસન દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો. જો કે, તે સમયે આવી કવાયત એકસાથે હાથ ધરવામાં આવી ન હતી, અને બધા પ્રાંતોમાં સંકલનનો અભાવ હતો. ૧૮૮૧માં જ અવિભાજિત ભારતમાં પહેલી વાર એકસાથે વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી. સ્વતંત્રતા પછી, ૧૯૫૧માં પહેલી વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી, અને ત્યારથી આ પ્રથા અવિરત ચાલુ રહી છે, થોડા અપવાદો સિવાય.

સમય જતાં વસ્તી ગણતરીના પ્રશ્નોનું સ્વરૂપ પણ બદલાયું. ૧૮૭૨ના સમયપત્રકમાં ફક્ત ૧૭ પ્રશ્નો હતા, જેમાં "કોણ ક્યાં રહે છે" સિવાય બીજું કંઈ આવરી લેવામાં આવ્યું ન હતું. ૧૯૦૧ની વસ્તી ગણતરીમાં અંગ્રેજી ભાષાની કુશળતા વિશે પૂછવામાં આવ્યું હતું, જે વસાહતી યુગ દરમિયાન એક ખાસ પ્રાથમિકતા હતી. જોકે, ૨૦૧૧ સુધીમાં, વસ્તી ગણતરીમાં સ્થળાંતર ઈતિહાસ, પ્રજનન વલણો, કાર્ય ટેવો અને અપંગતા અંગે વિગતવાર ડેટા શામેલ થવાનું શરૂ થયું. આમ, એ કહેવું વાજબી છે કે વસ્તી ગણતરી રાજ્ય સામે ઉભરતા પડકારોને પ્રતિબિંબિત કરે છે.

દેશમાં ૨૦૨૧ની વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી ન હતી. આનું એક મુખ્ય કારણ કોવિડ રોગચાળો હતો, જેણે અચાનક પ્રાથમિકતાઓ બદલી નાખી, જેના કારણે આટલી મોટી વહીવટી પ્રક્રિયા અશક્ય બની ગઈ. જોકે, કેટલાક પ્રશ્નો ઉભા થાય છે: ૨૦૨૨ સુધીમાં, કોવિડ-૧૯ ને કારણે પરિસ્થિતિ મોટાભાગે સામાન્ય થઈ ગઈ હતી, અને ૨૦૨૩ અને ૨૦૨૪ ની વચ્ચે વસ્તી ગણતરી પ્રક્રિયા પૂર્ણ કરવાનો અવકાશ હતો, પરંતુ તે મોરચે જરૂરી પ્રયાસો કરવામાં આવ્યા ન હતા. વસ્તી ગણતરી માટે ઔપચારિક સૂચના, જે હમણાં જ શરૂ થઈ છે, તે જૂન ૨૦૨૫ માં જારી કરવામાં આવી હતી, અને પ્રક્રિયા ૧૫ મહિના પછી શરૂ થઈ હતી. એવું કહી શકાય કે ક્યારેય ન કરતાં મોડું સારું છે, પરંતુ વિલંબને વાજબી ઠેરવવો મુશ્કેલ છે.

છેલ્લા દોઢ દાયકાથી, ભારતમાં શાસન ૨૦૧૧ ની વસ્તી ગણતરી પર આધારિત છે, છતાં લેન્ડસ્કેપમાં ધરખમ ફેરફારો થયા છે. ૧૫ વર્ષ કોઈ નાનો સમયગાળો નથી. આ સમયગાળા દરમિયાન, લાખો ભારતીયો તેમના મૂળ સ્થાનો છોડીને વ્યવસાયો બદલ્યા છે. તેઓ ગામડાં છોડીને શહેરી બન્યા છે. નીતિ આયોજનમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોના વર્ગીકરણ અંગે સ્પષ્ટતાનો અભાવ છે, પરંતુ ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા પર પણ આધાર રાખે છે. આ જૂનું દૃશ્ય કલ્યાણકારી યોજનાઓ અને જાહેર ખર્ચ માટે યોગ્ય નથી.

# અમારા ઉમેદવારોને સુરક્ષા આપો : કોંગ્રેસનુ પ્રતિનિધિ મંડળ ચુંટણી પંચ પાસે રજુઆત કરવા પહોચ્યુ

**અમિત ચાવડાની આગેવાની હેઠળ પ્રતિનિધિ મંડળ ચુંટણી કમિશ્નરને મળવા પહોચ્યુ હતુંઃ નિષ્પક્ષ તપાસ સમિતિ અને ધમકાવનાર પોલીસ વિરૂધ્ધ એફઆઈઆરની માંગ**

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ ગુજરાતમાં રાજકીય તણાવ વધતો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ પક્ષે પોતાના ઉમેદવારો સાથે થઈ રહેલી ધમકી અને હેરાનગતીના ગંભીર આક્ષેપો સાથે રાજય ચુંટણી આયોગ સમક્ષ રજુઆત કરી હતી,

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની આગેવાની હેઠળ કોંગ્રેસનુ પ્રતિનિધિ મંડળ ચુંટણી આયોગની કચેરીએ પહોચ્યુ હતું. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે ચુંટણી પ્રક્રિયામાં દખલ કરવા માટે




બિનકાયદેસર તત્વો, જેમાં બુટલેગરોનો પણ સમાવેશ થાય છે, તેમની મદદ લેવામાં આવી રહી છે. પેપર્સ તૈયાર કરવાથી લઈને ઉમેદવારોને ધાક ધમકી આપવા સુધીના પ્રયાસો થઈ રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

આક્ષેપ મુજબ અલગ અલગ જિલ્લા કચેરીઓમાંથી પોલીસ અધિકારીઓએ ઉમેદવારોની યાદી મેળવી અને ત્યારબાદ તેમને ડરાવવાના પ્રયાસો હાથ ધર્યા છે, ખાસ કરીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી કક્ષાના અધિકારીઓ પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. તેઓ નિષ્પક્ષ રહેવાના બદલે પક્ષપાત પૂર્ણ રીતે વર્તી ઉમેદવારોને ધમકાવી રહ્યા છે.

કોંગ્રેસ દ્વારા કલોલની એક ઘટનામાં પુરાવા રજુ કરવામાં આવ્યા હોવાનુ જણાવાયુ છે. જયારે સુરતમાં આ મુદ્દે નામજોગ ફરીયાદ પણ દાખલ કરવામાં આવી છે.

અમદાવાદ સહિત રાજયના અન્ય વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિ હોવાનુ કોંગ્રેસે રજુઆતમાં જણાવ્યુ હતું.

કોંગ્રેસના નેતાઓએ દાવો કર્યો હતો કે અનેક વખત સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ રજુઆત કરવા છતાં આ પ્રકારની પ્રવૃત્તિઓ અટકતી નથી, આ પરીસ્થિતિ લોકશાહી માટે ખતરનાક હોવાનુ જણાવતા તેમણે ફ્રી એન્ડ ફેર ઈલેકશન, સુનિશ્ચિત કરવા માંગ ઉઠાવી હતી. અમિત ચાવડાએ ચેતવણી આપતા જણાવ્યુ હતુ કે સમય આવ્યે કોઈ સરકાર કે નેતા બચાવવા નહી આવે, જવાબદારી તમારે જ નિભાવવી પડશે, તેમણે વધુમાં કહ્યુ હતુ કે કોંગ્રેસે નામજોગ ફરીયાદો કરી છે અને હવે તાત્કાલીક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. ખાસ કરીને આજે ઉમેદવારી પત્રક પરત ખેંચવાની પ્રક્રિયા દરમિયાન કોંગ્રેસના ઉમેદવારોને સુરક્ષા આપવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી હતી.

# ભાવનગર મંડળ પર હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ ૧૩૫મી ડૉ. બી.આર. આંબેડકર જયંતિ




પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં બંધારણના શિલ્પી ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જયંતિ હર્ષોલ્લાસ અને શ્રદ્ધા સાથે ઉજવવામાં આવી.

મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે ૧૪ એપ્રિલ, ૨૦૨૬ (મંગળવાર)ના રોજ કમ્યુનિટી હોલ ભાવનગર પરા ખાતે એસસી/એસટી એસોસિએશન દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા તેમજ અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા, મંડળના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉપસ્થિત રહ્યા અને ડૉ. આંબેડકરની પ્રતિમા સમક્ષ દીપ પ્રજ્વલિત કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ અવસર પર એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

મંડળ કાર્યાલયમાં આ કાર્યક્રમ ૧૫ એપ્રિલ (બુધવાર)ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. આ અવસરે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા અને અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્માએ મંડળના વરિષ્ઠ અધિકારીઓ સાથે ડૉ. આંબેડકરની પ્રતિમા સમક્ષ દીપ પ્રજ્વલિત કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

રેલવે બોર્ડના માર્ગદર્શન અનુસાર "ડૉ. બી.આર. આંબેડકરઃ ભારતમાં સામાજિક ન્યાયના શિલ્પી" વિષય પર મંડળ સ્તરે કર્મચારીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરનાર કર્મચારીઓને અનુક્રમે રૂ.૨૦૦૦, રૂ.૧૫૦૦ અને રૂ.૧૦૦૦ના રોકડ ઈનામ આપવામાં આવ્યા. સ્પર્ધામાં સપના કુશવાહા (SSE/TRD-BVP)એ પ્રથમ સ્થાન, માનસી યાદવ (SSE/TRD-BVP)એ દ્વિતીય સ્થાન અને રિકી હિતેશ કુમાર તિવારીએ તૃતીય સ્થાન મેળવ્યું. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા વિજેતાઓને પ્રમાણપત્ર અને રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા. આ અવસરે મંડળ કાર્યાલયના તમામ અધિકારીઓ, વિવિધ યુનિયનોના પદાધિકારીઓ તેમજ કર્મચારીઓ હાજર રહ્યા અને સૌએ વારી વારીથી ડૉ. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. કાર્યક્રમનું આયોજન સ્થાપના વિભાગ દ્વારા વરિષ્ઠ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગનના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયું.

# મદાર—પાલનપુર રેલખંડ વચ્ચે આર.સી.સી. બોક્સ લોન્ચિંગ કાર્યને કારણે રેલસેવાઓ પ્રભાવિત રહેશે

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા અજમેર મંડળના મદાર—પાલનપુર રેલખંડ પર રાની—ખીમેલ સ્ટેશનો વચ્ચે બ્રિજ સંખ્યા ૬૩૮ પર આર.સી.સી. બોક્સ લોન્ચિંગ માટે ટ્રાફિક બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ બ્લોકના કારણે નીચે મુજબની રેલ સેવાઓ પ્રભાવિત રહેશેઃ

રદ્દ રેલ સેવાઓ (પ્રારંભિક સ્ટેશનથી):

- ગાડી સંખ્યા ૧૪૮૨૨, સાબરમતી— જોધપુર રેલ સેવા, તારીખ ૧૭.૦૪.૨૦૨૬ અને ૧૮.૦૪.૨૦૨૬ના રોજ રદ્દ રહેશે.
- ગાડી સંખ્યા ૧૪૮૨૧, જોધપુર—સાબરમતી રેલ સેવા, તા. ૧૬.૦૪.૨૦૨૬ અને ૧૭.૦૪.૨૦૨૬ના રોજ રદ્દ રહેશે.

માર્ગ પરિવર્તિત રેલ સેવાઓ (પ્રારંભિક સ્ટેશનથી):

- ગાડી સંખ્યા ૧૯૨૨૩, સાબરમતી—જમ્મુ તવી (૧૭.૦૪.૨૦૨૬) પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા—ભીલડી—લૂણી થઈને ચાલશે.
  સ્ટોપેજ : પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી
- ગાડી સંખ્યા ૧૨૪૬૨, સાબરમતી— જોધપુર (૧૭.૦૪.૨૦૨૬) પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા—ભીલડી—લૂણી થઈને ચાલશે.
  સ્ટોપેજ : પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી
- ગાડી સંખ્યા ૧૪૭૦૧, શ્રીગંગાનગર—બાંદ્રા ટર્મિનસ રેલસેવા (૧૬.૦૪.૨૦૨૬) પરિવર્તિત માર્ગ વાયા અજમેર—ચિત્તૌડગઢ—રતલામ—વડોદરા થઈને ચાલશે
  સ્ટોપેજ : ભીલવાડા, ચિત્તૌડગઢ, નીમચ, મંદસૌર
- ગાડી સંખ્યા ૧૪૭૦૭, હનુમાનગઢ— દાદર (૧૭.૦૪.૨૦૨૬) પરિવર્તિત માર્ગ વાયા લૂણી—ભીલડી— મહેસાણા થઈને ચાલશે
  સ્ટોપેજ : સમદડી, જાલોર, મારવાડ ભીનમાલ, ભીલડી, પાટણ
- ગાડી સંખ્યા ૨૦૯૪૪, ભગત કી કોઠી—બાંદ્રા ટર્મિનસ (૧૭.૦૪.૨૦૨૬) પરિવર્તિત માર્ગ વાયા લૂણી—ભીલડી—મહેસાણા થઈને ચાલશે
  સ્ટોપેજ : સમદડી, જાલોર, મારવાડ ભીનમાલ, ભીલડી, પાટણ
- ગાડી સંખ્યા ૨૦૯૪૩, બાંદ્રા ટર્મિનસ—ભગત કી કોઠી (૧૬.૦૪.૨૦૨૬) પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા—ભીલડી—લૂણી થઈને ચાલશે
  સ્ટોપેજ : પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી
- ગાડી સંખ્યા ૨૦૬૯૪, બેંગલુરુ— જોધપુર (૧૫.૦૪.૨૦૨૬) પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા—ભીલડી—લૂણી થઈને ચાલશે
  સ્ટોપેજ:પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી
- ગાડી સંખ્યા ૨૦૪૯૬, હડપસર— જોધપુર (૧૬.૦૪.૨૦૨૬) પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા— ભીલડી—લૂણી થઈને ચાલશે.
- સ્ટોપેજ : પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી

રેગુલેટ રેલ સેવાઓઃ

- ગાડી સંખ્યા ૨૨૫૪૮, સાબરમતી—ગ્વાલિયર રેલસેવા (૧૭.૦૪.૨૦૨૬) પાલનપુર—ખીમેલ સ્ટેશનો વચ્ચે ૨૦ મિનિટ માટે રેગુલેટ રહેશે.

કોંગ્રેસ નેતાને ફોર્મ પાછું ખેંચવા દબાણ કરતા હતા

# વડોદરાઃ ભાજપ નેતા શૈલેષ મહેતાને ધક્કે ચઢાવાયા

**કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સત્તાધારી પક્ષ પોતાના ઉમેદવારોને બિનહરીફ બનાવવા માટે લોકશાહીનું હનન કરી રહ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પહેલા જ રાજકીય માહોલ ગરમાયો છે. વડોદરા જિલ્લાની ડભોઈ તાલુકા પંચાયતની કચેરી ખાતે આજે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. ડભોઈ તાલુકા પંચાયતની સાઠોદ બેઠકના કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ જબરજસ્તીથી પરત ખેંચાવવાના મુદ્દે ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટા) અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયું હતું.

મળતી માહિતી મુજબ, સાઠોદ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અરવિંદભાઈ પાટણવાડિયાનું ઉમેદવારી પત્ર ધાક-ધમકી કે દબાણ વશ પાછું ખેંચાવવા માટે ધારાસભ્ય શૈલેષ સોટા અને તેમનો પુત્ર પ્રયાસ કરી રહ્યા હોવાની જાણ કોંગ્રેસના કાર્યકરોને થઈ હતી.

આ સમાચાર મળતા જ ડભોઈ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિત મોટી સંખ્યામાં સાઠોદ ગામના રહીશો તાલુકા પંચાયત કચેરીએ ધસી આવ્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ ભાજપની 'દાદાગીરી' સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

મામલો એટલો બિચક્યો હતો કે ૧૫-૨૦ મિનિટ સુધી કચેરીમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઉશ્કેરાયેલા ગ્રામજનો અને કોંગ્રેસ કાર્યકરોએ ધારાસભ્ય શૈલેષ સોટા અને તેમના પુત્રને ધક્કે ચડાવ્યા હતા.

રાજકીય પ્રતિષ્ઠાના જંગમાં બંને પક્ષો સામસામે આવી જતાં મામલો ગંભીર બન્યો હતો. ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સત્તાધારી પક્ષ ભાજપ પોતાના ઉમેદવારોને બિનહરીફ બનાવવા માટે લોકશાહીનું હનન કરી રહ્યો છે અને વિપક્ષના ઉમેદવારોને ડરાવી-ધમકાવીને ચૂંટણી મેદાનમાંથી હટાવવા માંગે છે. પોલીસે હાલ બંને પક્ષો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરી છે.

ભારતીય કેરી હવે વધુ મોંઘી બની રહી છે

# ફક્ત ભારત નહીં વિદેશમાં પણ મોંઘી થઈ કેસર કેરી

**યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચ વધતા યુએસમાં કેરીના બોક્સ દીઠ ૭ ડોલર અને યુકેમાં ૪ પાઉન્ડનો વધારો નોંધાયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા ગીરથી વિશ્વપ્રસિદ્ધ કેસર કેરીની વિદેશમાં નિકાસનો સિઝન શરૂ થયો છે, પરંતુ આ વર્ષે એર કાર્ગોના ભાડામાં બમણો વધારો થતાં કેસર કેરીના ભાવમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. જેના કારણે યુએસ અને યુકે જેવા દેશોમાં ભારતીય કેરી હવે ગ્રાહકો માટે વધુ મોંઘી બની રહી છે.

તાલાલા ખાતે આવેલા માર્કેટિંગ યાર્ડ સંચાલિત પેક હાઉસ મારફતે કેસર કેરીની પ્રોસેસિંગ અને નિકાસ કરવામાં આવે છે. અહીં ખેડૂતો પાસેથી સીધી કેરી ખરીદીને તેને ધોઈ, ગ્રેડિંગ કરીને અને એકસરખા સાઈઝના ફળોને પસંદ કરીને આકર્ષક પેકિંગ કરવામાં આવે છે. ત્રણ કિલોગ્રામના બોક્સમાં ૧૨ નંગ કેરી પેક કરવામાં આવે છે. ત્યારબાદ આ બોક્સોને અમદાવાદના બાવળા ખાતે રેડિયેશન પ્રોસેસ માટે મોકલવામાં આવે છે, જ્યાં જરૂરી પ્રોસેસ પૂર્ણ થયા બાદ એર કાર્ગો દ્વારા વિદેશમાં નિકાસ થાય છે. આ સિઝનમાં ૨૦૦૦ બોક્સનો પહેલો જથ્થો અમેરિકાના વોશિંગ્ટન અને યુકે માટે રવાના કરવામાં આવ્યો છે.

તાલાલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન સંજયભાઈ શિંગાળાએ જણાવ્યું હતું કે, પેક હાઉસમાં તમામ પ્રોસેસિંગ સુવિધાઓ સાથે કેસર કેરીને આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ તૈયાર કરવામાં આવે છે. પેક હાઉસ ભાડે ચલાવનાર દેવ કૃપા એન્ટરપ્રાઈઝના સંચાલકો વિપુલભાઈ સોરઠીયા અને દીપકભાઈએ જણાવ્યું હતું કે, આ સિઝનમાં નિકાસનો પ્રારંભ થઈ ગયો છે અને પહેલું કન્ટેનર એર કાર્ગો દ્વારા યુએસ મોકલાયું છે. પરંતુ આ વર્ષે કેસર કેરીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. યુકેમાં ત્રણ કિલોના બોક્સનો ભાવ ગત વર્ષે ૧૩ પાઉન્ડ હતો, જે હવે વધીને ૧૭ પાઉન્ડ થયો છે, એટલે કે પ્રતિ બોક્સ ૪ પાઉન્ડનો વધારો થયો છે. તેવી જ રીતે યુએસમાં ગત વર્ષે ૨૫ ડોલરમાં મળતો બોક્સ હવે ૩૨ ડોલર સુધી પહોંચ્યો છે, એટલે કે ૭ ડોલરનો વધારો નોંધાયો છે. એક બોક્સના ૨૧૫૨ રૂપિયા ચાલુ સીઝનમાં યુકેમાં ૩ કિલો કેસર કેરી પહોંચશે, ગત સીઝનમાં ૧૬૪૮ રૂપિયા ભાવ થયો હતો. જ્યારે યુએસમાં ૨૭૮૮ રૂપિયાના ભાવ એક બોક્સનો ભાવ બોલાઈ રહ્યો છે અને ગત વર્ષે ૨૩૩૪ રૂપિયા ભાવે વેચાઈ હતી. આ ભાવવધારો પાછળનું મુખ્ય કારણ એર કાર્ગોના ભાડામાં થયેલો બમણો વધારો છે. ખાડી દેશોમાં ચાલતી યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે એર ટ્રાન્સપોર્ટ પર અસર પડી છે, જેના કારણે કાર્ગોના ખર્ચમાં વધારો થયો છે. પરિણામે નિકાસકારોને વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે, જેનો સીધો ભાર અંતિમ ગ્રાહકો પર પડી રહ્યો છે. સામાન્ય રીતે તાલાલાથી અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુકે સહિતના દેશોમાં દર વર્ષે મોટા પાયે કેસર કેરીની નિકાસ થાય છે. પરંતુ ચાલુ સિઝનમાં ગલ્ફ દેશો જેવા કે સાઉદી અરેબિયા, કતાર, દુબઈ અને ઓમાનમાં તણાવપૂર્ણ પરિસ્થિતિ હોવાના કારણે ત્યાં નિકાસ થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. આ રીતે, એક તરફ ગીરની કેસર કેરીની આંતરરાષ્ટ્રીય માંગ યથાવત છે, પરંતુ બીજી તરફ વધતા ટ્રાન્સપોર્ટ ખર્ચને કારણે નિકાસકારો અને ગ્રાહકો બંને માટે આ સિઝન પડકારજનક બની રહ્યો છે.

# હાપા રંગમતી આવાસ વિસ્તારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના હાપા રંગમતી આવાસ વિસ્તારમાં એક કારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો અને ઈંગ્લિશ દારૂ અને કાર સહિત ૩.૮૬ લાખની માલમતા કબજે કરી લીધી છે, જયારે દારૂના સપ્લાયરને ફરાર જાહેર કરાયો છે.જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ગઈકાલે મોડી રાત્રે હાપા રંગમતી આવાસના ગેઈટ પાસેથી એક કારમાં ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે, જે બાતમીના આધારે દરોડો પાડી ચેકિંગ હાથ ધરતાં ત્યાંથી એક સ્વીફ્ટ કાર પસાર થઈ હતી.જેને અટકાવીને તલાસી લેતાં કારમાંથી ૭૨ નંગ ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે કાર અને ઈંગ્લિશ દારૂ સહિત કુલ રૂપિયા ૩,૮૬,૯૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# કેમિકલથી નકલી દારૂ બનાવતી મિની ફેક્ટરી પર પોલીસના દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, આ વચ્ચે બનાસકાંઠા થરા પોલીસે માંડલા ગામે રેડ કરી નકલી દારૂ બનાવતી મીની ફેક્ટરી ઝડપી છે. નકલી પનીર,ઘી,દુધ બાદ હવે નકલી દારુની ફેક્ટરી ઝડપાઈ છે. કેમિકલથી દારૂ બનાવીને બ્રાન્ડના સ્ટીકર લગાવતી હોવાનું સામે આવ્યુ છે.ફેક્ટરીમાં બેરલમાં કેમિકલ મિક્સ કરી ઈલેક્ટ્રિક ગ્લેન્ડર, મોનોબ્લોક મોટરથી દારૂ તૈયાર કરવામાં આવતો હતો.થરા પોલીસ સ્ટાફે રેડ કરી નકલી દારૂ બનાવતી મિની ફેક્ટરી ને ઝડપી લીધી દારૂ બનાવટ માટે વપરાતી મશીનરી કબજે કરવામાં આવી છે.અણદા પટેલના ખેતરમાં જયેશ ઠાકોર નામનો શખ્સ ફેક્ટરી ચલાવતો હતો.જયેશજી ભાવાજી ઠાકોર દ્વારા મોટા પાયે નકલી ઇંગ્લિશ દારૂ બનાવવાનું કૌભાંડ ચાલતું હોવાનું બહાર આવ્યું છે.પોલીસે ઘટનાસ્થળેથી અંદાજે ૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પાલનપુર અને પાટણથી FSL અધિકારીઓને બોલાવ્યા હતા.તેમણે શંકાસ્પદ પ્રવાહીના સેમ્પલ લીધા છે.આરોપી જયેશ ભાવાજી ઠાકોર થરા પોલીસની રેડ દરમિયાન ભાગી છૂટ્યો છે.પોલીસે જયેશ ઠાકોર તેની અને આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય મળતિયાઓની શોધખોળ શરુ કરી છે.આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૭૨ અને ચાંદીના વાયદામાં રૂ.૧૧૭૧ની નરમાઈઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૨ની વૃદ્ધિ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૪૬૫.૩૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૨૨૬૫૭.૯૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૯૦૯૦.૮૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૨૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૫૪૧૨૩.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૪૬૫.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૩૨૨૬૫૭.૯૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૨૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૪૮૫.૦૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૯૦૯૦.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૭૫૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૦૪૮ અને નીચામાં રૂ.૧૫૩૭૦૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૮૧૭ના આગલા બંધ સામે રૂ.૧૭૨ ઘટી રૂ.૧૫૪૬૪૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૮ ઘટી રૂ.૧૨૩૦૮૪ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧ ઘટી રૂ.૧૫૪૨૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૮ ઘટી રૂ.૧૫૩૦૮૯ થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૯૨૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૩૩૨ અને નીચામાં રૂ.૧૫૨૪૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૪૬૮ના આગલા બંધ સામે રૂ.૧૩૩ ઘટી રૂ.૧૫૩૩૩૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૫૪૩૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૫૬૧૭ અને નીચામાં રૂ.૨૪૮૭૨૦ના મથાળે અથડાઈ, રૂ.૨૫૨૭૫૦ના આગલા બંધ સામે રૂ.૧૧૭૧ ઘટી રૂ.૨૫૧૫૭૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૪૮૩ ઘટી રૂ.૨૫૨૯૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૪૭૬ ઘટી રૂ.૨૫૨૯૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૬૨૧૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૪.૪ વધી રૂ.૧૨૭૩.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૨.૫૫ વધી રૂ.૩૩૭.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૯૫ પૈસા ઘટી રૂ.૩૬૫.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૧૫ પૈસા વધી રૂ.૧૯૫.૧ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૯૪૨.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૫૧૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૧૪૦ અને નીચામાં રૂ.૪૯૨૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૮૧ ઘટી રૂ.૪૯૩૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૫૧૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૭૨૬ અને નીચામાં રૂ.૮૪૩૩ના મથાળે અથડાઈ, રૂ.૮૫૭૧ના આગલા બંધ સામે રૂ.૬૨ વધી રૂ.૮૬૩૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૬૨ વધી રૂ.૮૬૩૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૬ વધી રૂ.૨૪૪.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૧.૫ વધી રૂ.૨૪૪.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.


કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૯૮૫ના ભાવે ખૂલી, રૂ.૧.૫ વધી રૂ.૯૮૪.૭ થયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૭૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૭ વધી રૂ.૨૮૧૯ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૬૧૮.૧૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૪૭૨.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૫૩૦૧.૩૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૮૭.૩૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯.૭૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૭૧.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૮.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭૪૮.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૬૪.૭૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૨૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૮ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૭૯૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૪૪૮૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૫૪૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૧૫૨૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૦૧૮૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૩૦૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૪૬૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૧૨૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૬૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૯૩૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૨૮૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૮૩૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૩૯૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૮૩૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૮૩ પોઈન્ટ વધી ૩૭૨૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૮ ઘટી રૂ.૯૩.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૪૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા વધી રૂ.૮.૯ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬ ઘટી રૂ.૨૧૮ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૫ ઘટી રૂ.૪૫૭ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૧ પૈસા વધી રૂ.૪.૭૮ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા ઘટી રૂ.૬.૦૮ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૭૫ ઘટી રૂ.૯૯.૫૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૪૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૦ પૈસા વધી રૂ.૯.૨૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૨.૫ ઘટી રૂ.૮૭૪ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૦૨ ઘટી રૂ.૪૪૩૬.૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૩.૩ ઘટી રૂ.૧૬૫.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૫ ઘટી રૂ.૫.૫૫ના ભાવે બોલાયો હતો.




સોનું એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪.૫ ઘટી રૂ.૧૫૫૭.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪.૫ ઘટી રૂ.૩૧૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૨ પૈસા વધી રૂ.૬.૬૫ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૧ પૈસા વધી રૂ.૨ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૪ ઘટી રૂ.૫૨.૬૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૫.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮ ઘટી રૂ.૧૭૭૩ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦.૫ ઘટી રૂ.૬૨૭૨.૫ના ભાવે બોલાયો હતો.

### શું આ સ્ટ્રેટેજી સફળ રહેશે? : ઉમેદવાર તરીકે સેલેબ્સની જાહેરાતે બધાને ચોંકાવ્યા છે

## હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણી મેદાનમાં ઉતર્યા ગ્લેમર ચહેરા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ ગરમાયો છે. ત્યારે ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની ઉમેદવાર બનાવવાની સ્ટ્રેટેજી એક સરખી રહી છે. હવે ગુજરાતની રાજનીતિમાં હવે માત્ર સફેદ ખાદી અને ગંભીર ચર્ચાઓનો જ દબદબો રહ્યો નથી. રાજ્યની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ સહિતના પક્ષોએ એક નવો માસ્ટરસ્ટ્રોક માર્યો છે.

રાજકીય પક્ષો, ખાસ કરીને ભાજપે આ વખતે "ફેસ વેલ્યુ" અને "ડિજિટલ ફોલોઅર બેઝ" પર મોટો જુગાર રમ્યો છે. પરંપરાગત રાજકીય ચહેરાઓને બાજુ પર મૂકીને સેલિબ્રિટીઝને ટિકિટ આપવા પાછળનો મુખ્ય હેતુ યુવા મતદારો અને સોશિયલ મીડિયા પર સક્રિય પેઢીને આકર્ષવાનો છે.

વર્ષોથી સ્ટેજ ગજવતા કલાકારો, લાખો ફોલોઅર્સ ધરાવતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અને રેડિયો પર અવાજથી જાદુ ચલાવતા ચહેરાઓ હવે જનતા પાસે મતોની અપેક્ષાએ મેદાનમાં ઉતર્યા છે.

અંકિતા પરમાર અને સોના સિંહ :- સોશિયલ મીડિયાના યુગમાં હવે રીલ્સ માત્ર મનોરંજનનું સાધન નથી રહી. અંકિતા પરમાર જેઓ લાખો ફોલોઅર્સ ધરાવે છે અને અગાઉ પણ ચૂંટણી જીતી ચૂક્યા છે, તેમના અનુભવ અને ડિજિટલ રીચનો ભાજપ પૂરેપૂરો ઉપયોગ કરી રહ્યો છે. તો સામે પક્ષે, સુરતમાં આમ આદમી પાર્ટીએ સોના સિંહને મેદાનમાં ઉતારીને પરપ્રાંતીય મતો અને શ્રમિક વર્ગમાં પોતાની પક્કડ મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે.

R.J આભા અને સોનલ ડેર :- રાજકોટમાં કોંગ્રેસે જાણીતા R.J આભા પર પસંદગી ઉતારી છે. વર્ષો સુધી રેડિયો પર લોકોની સમસ્યાઓ સાંભળનાર આભા હવે પોતે તે સમસ્યાઓના ઉકેલ માટે રાજકારણમાં આવ્યા છે. જ્યારે સોનલ ડેર (માયાભાઈ આહીરના પુત્રી) પાસે લોકપ્રિયતાની સાથે મજબૂત રાજકીય અને સામાજિક પૃષ્ઠભૂમિનું પીઠબળ છે, જે તેમને એક સક્ષમ ઉમેદવાર તરીકે સ્થાપિત કરે છે.

રાજલ બારોટ અને નેહા સુથાર :- ગુજરાતી લોકસંગીતના સુપરસ્ટાર સ્વ. મણિરાજ બારોટના પુત્રી રાજલ બારોટ માટે સ્ટેજ પર હજારોની મેદની એકઠી કરી શકે એમ છે. ભાજપે તેમની આ જ જનમેદનીને મતમાં ફેરવવા માટે તેમને મેદાનમાં ઉતાર્યા છે. બીજી તરફ, ઉત્તર ગુજરાતમાં નેહા સુથાર જેઓ શૂન્યમાંથી સર્જન કરી આજે મ્યુઝિક ઈન્ડસ્ટ્રીનું જાણીતું નામ બન્યા છે, તેમની સંઘર્ષગાથા મતદારોમાં એક ભાવનાત્મક કનેક્શન ઊભું કરી રહી છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે સેલેબ્સને ઉતારવાથી પ્રચારમાં ઝાકઝમાળ તો વધશે, પરંતુ ખરો પડકાર ગ્લેમરને ગ્રાઉન્ડ લેવલના કામમાં બદલવાનો છે. જેમાં ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકના ફોલોઅર્સને પોલિંગ બૂથ સુધી લાવવાની રણનીતિ. પરંપરાગત નેતાઓને બદલે લોકપ્રિય ચહેરાઓને પ્રાધાન્ય અને રેડિયો અને સ્ટેજ દ્વારા વર્ષોથી લોકો સાથે જોડાયેલા હોવાનો ફાયદો ચોક્કસ મળી શકે છે.

### રૂપીયા ૨૫ લાખ લો અને ફોર્મ પાછુ ખેંચો : ઝુકવાને બદલે લડી લેવાનો મિજાજ

## અમદાવાદની રામોલ બેઠકના ભાજપના ઉમેદવાર સામે કોંગ્રેસના ઉમેદવાર બીના મોદીનો આરોપઃ મૌલિક પટેલ ૨૫ લાખ આપવા ઓફર કરે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ નજીક આવતા જ અમદાવાદના રામોલ વિસ્તારમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોચ્યો હતો. રામોલ બેઠક પર થી કોંગ્રેસના મહિલા ઉમેદવાર બીના મોદીએ ભાજપના ઉમેદવાર મૌલિક પટેલ પર અત્યંત ગંભીર આક્ષેપો કર્યા હતા, બીના મોદીએ દાવો કર્યો હતો કે તેમને ઉમેદવારી ફોર્મ પરત ખેંચવા માટે લાખો રૂપીયાનો ઓફર અને સતત દબાણ કરવામાં આવી રહ્યુ છે.



કોંગ્રેસ ઉમેદવાર બીના મોદીએ ચોંકાવનારો આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે ભાજપના ઉમેદવાર મૌલિક પટેલ તેમને ૨૫ લાખ રૂપીયા આપવાની ઓફર કરી રહ્યા છે, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે માત્ર નાણાં ની લાલચ જ નહી પરંતુ ઉમેદવારી પરત ખેંચવા માટે તેમના પર સતત માનસિક દબાણ પણ ઉભુ કરવામાં આવી રહ્યુ છે. આટલા દબાણ અને ઓફર છતાં બીના મોદીએ મક્કમતા દર્શાવતા જાહેર કર્યુ હતુ કે તેઓ કોઈપણ સંજોગોમાં પોતાની ઉમેદવારી પરત લેવાના નથી, તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે હું છેલ્લે સુધી લડીશ અને જનતાની અદાલતમાં ન્યાય માંગીશ, આ આક્ષેપો બાદ રામોલ ના રાજકારણમાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. જો કે આ બાબતે મૌલિક પટેલ કે ભાજપ પક્ષ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

## હિંમતનગર શહેર ભાજપ દ્વારા ઉમેદવારોની પરીચય બેઠક તેમજ ચુંટણી અંતર્ગત સંચાલન સમિતિની બેઠક યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે હિંમતનગર શહેર ભાજપ દ્વારા પાલિકાના ઉમેદવારોની પરીચય બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ, જિલ્લા સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા, ધારાસભ્ય, જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા વગેરે ઉપસ્થિત રહી ઉમેદવારોને ચુંટણીને લગતી વિસ્તૃત જાણકારી આપી હતી. તેમજ સંચાલન સમિતિના હોદ્દેદારોને ચુંટણીના કરવાના કામોની જાણકારી આપી હતી. આ પ્રસંગે પૂર્વ મહામંત્રી વિજય પંડયા, જયેશ શાહ, નિર્મળાબેન પંચાલ, કાજલબેન દોશી, પરીક્ષિત વખારીયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



### આવતી કાલે ૧૭ એપ્રિલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના આગમનને લઈ ચર્ચા વિચારણા હાથ ધરાઈ

## સાબરકાંઠા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ચુંટણી સંચાલન સમિતિ અને જિલ્લાના હોદ્દેદારોની બેઠક યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા હિંમતનગર ખાતે જિલ્લા કાર્યાલયમાં ચુંટણી સંચાલન સમિતિ અને જિલ્લાના હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી.

જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી બ્રિજરાજસિહ ઝાલા તથા ચુંટણી સંચાલન સમિતિ ના કન્વીનર તખતસિંહ હડીયોલે ચુંટણી અંતર્ગત માહિતી આપી હતી. તેમજ હોદ્દેદારોને કરવાના કામો જેવા કે પ્રચાર પ્રસાર , વાહનો, પત્રિકાઓનુ વિતરણ, હિસાબો રાખવા, સંમેલનો તેમજ કાર્યાલયની વ્યવસ્થા, ઉમેદવારોના પ્રચાર અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ આવતી કાલે ૧૭ એપ્રિલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હિંમતનગર ખાતે જાહેરસભા રાખવામાં આવેલ હોઈ તેની વ્યવસ્થા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.




આ બેઠકમાં જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા, મહેન્દ્રસિંહ રહેવર, જયેશ પટેલ, કમલેશ બારોટ, જયેશ શાહ સહિત જિલ્લાના અપેક્ષિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા મંડળ પર ભારત રત્ન બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતી પર્વ ઉજવાયો

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર ભારત રત્ન, બંધારણના રચયિતા, બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતી ઉજવવામાં આવી. પ્રતાપનગર સ્થિત કોન્ફરન્સ હોલમાં આયોજિત કાર્યક્રમમાં મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ અન્ય અધિકારીઓ તથા માન્યતા પ્રાપ્ત એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે દીપ પ્રજ્વલન અને માળા અર્પણ કરી બાબા સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી. આ અવસરે મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ બાબા સાહેબ દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવા માટે સૌનો આગ્રહ કર્યો અને તેમની બતાવેલી વાતોને આત્મસાત્ કરીને પોતાના પદ દ્વારા દેશને ઉન્નતિના પથ પર લઈ જવા તથા સમાજની સેવા કરવાનો આહ્વાન કર્યો. આ અવસરે અપર મંડળ રેલ પ્રમુખ શ્રી નીરજ ધમીજા, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી તેજરામ મીણા સહિત રેલ અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત હતા.



## SG હાઈવે પર બેફામ ચાલતા ડમ્પરની અડફેટે બાઈકચાલક સહિત ૨ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના ગોતા બ્રિજ પર બુધવારે(૧૫ એપ્રિલ, ૨૦૨૬) ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરઝડપે આવી રહેલા એક ડમ્પર ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા બાઈક સવાર બંને યુવકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા.

અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સમગ્ર મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, અમદાવાદના ગોતા બ્રિજ પર વાહનોની અવરજવર વધુ હતી તે સમયે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પરચાલકે બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારતા બાઈક ચાલક અને પાછળ બેઠેલા યુવક બંને રોડ પર પટકાયા હતા. જેમાં ગંભીર ઈજાઓ થવાના કારણે બંને વ્યક્તિના ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

અકસ્માતના કારણે ગોતા બ્રિજ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે અકસ્માતની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. તેમજ બ્રિજ પરનો ટ્રાફિક કામચલાઉ ધોરણે નીચેના સર્વિસ રોડ તરફ ડાયવર્ટ કરાયો હતો. આ ડાયવર્ઝનને કારણે એસ.જી. હાઈવે અને ગોતા આસપાસના રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો લાગી હતી, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

અકસ્માત સર્જ્યા બાદ ડમ્પર ચાલક વાહન છોડીને કે સાથે લઈને ફરાર થઈ ગયો હોવાની માહિતી મળી રહી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને આસપાસના ઝઝ્ફ ફૂટેજ તપાસવાની તજવીજ હાથ ધરી છે, જેથી ડમ્પરનો નંબર અને ચાલકની ઓળખ થઈ શકે. એસ.જી. હાઈવે અને ફ્લાયઓવર પર બેફામ દોડતા ભારે વાહનો નિર્દોષ વાહનચાલકો માટે જોખમરૂપ બની રહ્યા છે.

# નોએડામાં પગાર વધારા માટે કર્મચારીઓનું હિંસક આંદોલન

## ૫૦ ઉપરાંત ફેકટરીઓમાં તોડફોડ કરી શો રૂમની બહારની ૧૫૦+ ગાડીઓ તોડી અને ૫૦+ ગાડીઓમાં આગ લગાડી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં પ્રવર્તી રહેલી મોંઘવારી, બેકારી, ગુન્હાખોરી, ગેસ, પેટ્રોલ, ડીઝલના વધેલા ભાવો વચ્ચે સર્જાતી અછતની અસરો હવે સાવ તળિયાના માનવીને પણ સ્પર્શી રહી છે. ત્યારે એવા જ આક્રોશના ભાગ રૂપે નોએડાના ઈન્ડસ્ટ્રીયલ એરિયામા આવેલી અનેક કંપનીઓના ૧૦૦૦ થી વધુ કર્મચારીઓ પગાર વધારાને લઈને છેલ્લા પાંચ દિવસથી પ્રદર્શન કરી રહ્યા છે. લગભગ ૫૦૦ થી વધુ કર્મચારીઓ મધરસન નામની કંપનીની બહાર ભેગા થયા હતા.

આ પ્રદર્શન સોમવારે હિંસક આંદોલન બની ગયું હતું. ૯ એપ્રિલ થી પગાર વધારાની માંગણી લઈને ધરણા પર બેઠેલા કામદારોની વાત કોઈ સાંભળતું નથી એવું તેમને લાગતા સેંકડોની સંખ્યામાં લોકો લાકડીઓ લઈને રસ્તા પર ઉતરી આવ્યા હતા. કર્મચારીઓ એટલા વિફર્યા હતા કે તેમણે સેક્ટર-ટુ માં અલગ-અલગ વિસ્તારોમાં આવેલી ૫૦થી વધુ ફેક્ટરીઓમાં પથ્થરમારો કર્યો હતો અને તોડફોડ કરી હતી. બહાર પાર્ક કરાયેલી ૧૫૦ થી વધુ ગાડીઓ તોડી હતી અને ૫૦ ગાડીઓ આગને હવાલે કરી હતી. ભીડને કાબુમાં લેવા આવેલી પોલીસની ગાડીઓને પણ આંદોલનકારીઓ એ પલટાવી નાંખી હતી. એનાથી ચોંકેલી પોલીસે જ્યારે જોયું કે હવે હાલત બગડતા જ અનેક થાણાની પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. વિફરેલા કર્મચારીઓએ પોલીસ પર પણ પથ્થરમારો કરતા પોલીસે ટીયર ગેસ છોડયો હતો. પોલીસે ડઝનેક આંદોલનકારીઓની ધરપકડ કરી હતી. આ ભીડ અને આંદોલનકારીઓને કોઈ નેતા નથી. લગભગ ૧૮ થી ૩૦ વર્ષના યુવાન કર્મચારીઓ હિંસક પ્રદર્શન પર ઉતરી આવ્યા હતા. પરિસ્થિતિ જોઈને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે હાઈ લેવલ કમિટી બનાવી છે. તેમનું કહેવું છે કે "ઔદ્યોગિક ક્ષેત્રે અશાંતિ પેદા કરતા લોકોથી સાવધાન રહો. અમારી સરકાર શ્રમિકોની સાથે જ છે."

ફેકટરીના શ્રમિકોની મુખ્ય માંગણીઓ શું છે?

(૧) હરિયાણામાં લગભગ ૩૫ ટકા પગાર વધ્યો છે, એવી જ રીતે ઉત્તર પ્રદેશમાં પણ વધારવામાં આવે.

(૨) ઓવર ટાઈમ કરવા પર બમણું વેતન મળે.

(૩) બોનસ સીધું બેંક ખાતામાં જ ટ્રાન્સફર કરવામાં આવે.

(૪) દર મહિનાની દસ તારીખ સુધીમાં પગાર મળે અને સેલરી સ્લીપ પણ સાથે હોય.

(૫) અઠવાડિયામાં એક દિવસની છૂટ્ટી મળવી જોઈએ. રજાના દિવસે કામ કરાવવામાં આવે તો એનું બમણું વળતર મળે.

(૬) ફેક્ટરીઓમાં કામ કરતા માણસોની સુરક્ષા માટેના નિયમોનું પાલન થાય.

# દેશભરના કામદારોમાં વ્યાપી રહેલી અસંતોષની અગનજવાળાને વહેલી તકે ઠારવી જરૂરી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત.

ભારતમાં અમીર-ગરીબની ખીણ બહુ મોટી છે. આ આર્થિક અસમાનતામાં અમીરોની સંખ્યા નજીવી જ્યારે ગરીબોની સંખ્યા ખૂબ મોટી છે અને દેશનો મોટા ભાગનો વર્ગ મજૂર ,ખેડૂત, કામદાર કે નોકરિયાત છે અને અંદાજે ૧૦૦ કરોડની સંખ્યાને આંબી જનારા આ વર્ગની સમસ્યાઓ તેમની વસ્તી જેટલી જ વિશાળ છે ત્યારે હાલ જે કપરા સંજોગો સવત્ર પ્રવર્તી રહ્યા છે. અને વિકસિત દેશોમાં પણ મોંઘવારી ફાટી નીકળી છે. અને આ દેશોના સમૃધ્ધ નાગરિકો માટે પણ જીવવું દોહ્યલુ થઈ પડયું છે.

ત્યારે ભારત જેવા વિકાસશીલ અને વિશાળ દેશમાં આ સમસ્યા કેટલી ગંભીર થઈ ગઈ છે એ આપણે સારી રીતે સમજી શકીએ છીએ અને હાલમાં દેશભરમાંથી જે રીતે કામદારો-મજૂરોમાં ફેલાઈ રહેલા અસંતોષના સમાચારો જે રીતે સામે આવી રહયા છે. એ બહુ જ ચિંતાજનક છે.

આપણે અહીં માત્ર કામદારોની જ વાત નથી પરંતુ દેશના દરેક નાગરિકને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અધિકાર છે. આ પ્રકારનો વિરોધ સરકાર અને વહીવટીતંત્ર સમક્ષ પોતાની માંગણીઓને અસરકારક રીતે રજૂ કરવાના માધ્યમ તરીકે કામ કરી શકે છે. જો કે ગત સોમવારે ઉત્તર પ્રદેશના નોઈડામાં પોતાની માંગણીઓ પર દબાણ લાવવા માટે રસ્તા પર ઉતરેલા કામદારોનું વિરોધ પ્રદર્શન હિંસા અને આગચંપીમાં પરિણમયું તે ખરેખર ચિંતાજનક છે. છેલ્લે ફેકટરી મેનેજમેન્ટે પણ કામદારોની માંગણીઓ પર યોગ્ય વિચારણા કરવાની અને પરસ્પર સર્વસંમતિથી આ મુદ્દાઓને ઉકેલવા માટે કામ કરવાની જવાબદારી લેવી જોઈએ.

# ભાજપના નેતાઓ કોંગ્રેસના ઉમેદવારોને ૩૦ થી ૩૫ લાખ રૂપીયાની લાંચ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે : અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં ૧૫ મ્યુનિસીપલ કોર્પોરેશન, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતોની આગામી ચુંટણી માટે રાજકીય વાતાવરણ ગરમાઈ રહ્યુ છે.

ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ જોરશોરથી પ્રચાર શરૂ કરી દીધો છે. ઉમેદવારી પત્રોની ચકાસણી પૂર્ણ થતા જ ૧૫ એપ્રિલ સુધી રાજકીય રમત રમાશે,

કોંગ્રેસ હોર્સ ટ્રેડીંગથી ચિંતિત છે. મોટાભાગના કોંગ્રેસના ઉમેદવારોના ફોન બંધ થઈ ગયા છે અને તેમને હવે કવોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. દરમિયાન ભાજપ તેમના ઉમેદવારોના ઉમેદવારી પત્રો પાછા ખેંચવા અને શકય તેટલી વધુ બેઠકો પર વિજય મેળવવા માટે દબાણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આરોપ લગાવ્યો હતો કે ભાજપના નેતાઓ કોંગ્રેસના ઉમેદવારોને ૩૦ થી ૩૫ લાખ રૂપીયાની લાંચ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે અને એવો પણ આરોપ લગાવ્યો છે કે ઉમરગામથી ચુંટણી અધિકારીએ ભાજપના નેતાઓના દબાણ અને ઉમેદવારી રદ કરવાનો ઈન્કાર કર્યા બાદ આત્મહત્યા કરી લીધી હતી. કોંગ્રેસનુ એક પ્રતિનિધિ મંડળ આજે રાજય ચુંટણી પંચને મળી રજુઆત કરી હતી,

ચકાસણીના છેલ્લા દિવસે રાજયભરમાં કુલ ૯૮૧૯ નામાંકન રદ કરવામાં આવ્યા હતા. એમાંથી મ્યુનિસીપલ કોર્પોરેશનોમાં ૧૯૩૪, નગરપાલિકાઓમાં ૧૧૬૪ અને જિલ્લા તેમજ તાલુકા પંચાયતોમાં ૬૭૨૧ નામાંકન રદ કરવામાં આવ્યા હતા. ઉમેદવારોની સંખ્યાના વિશ્લેષણ પરથી જાણવા મળે છે કે તાલુકા પંચાયત સ્તરે સૌથી તીવ્ર સ્પર્ધા જોવા મળી હતી. ૨૦ હજાર થી વધુ નામાંકન દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૭૨૧ દસ્તાવેજી અથવા તકનીકી ખામીઓને કારણે નામંજુર કરવામાં આવ્યા હતા. ઉમેદવારોમાં વિભાજનનુ રાજકારણ શરૂ થઈ ગયુ છે.

# બારડોલી ચુંટણી જંગમાં મહિલા ઉમેદવાર મામલતદાર કચેરીએ રડી પડી: ભાજપ પર ધમકાવવાનો ગંભીર આક્ષેપ

## ફોર્મ પરત ખેંચવા માટે સતત ધાક- ધમકી મળતી હોવાનો આરોપ :બારડોલી મામલતદાર કચેરી ખાતે લઈ જવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે સુરત જિલ્લાના બારડોલીમાં ભારે રાજકીય હંગામો જોવા મળ્યો હતો. બારડોલી જિલ્લા પંચાયતની બેઠકો પર ઉમેદવારી મામલે ભાજપ અને કોંગ્રેસ સામ સામે આવી ગયા હતા. બારડોલી જિલ્લા પંચાયત બેઠકના કોંગ્રેસના મહિલા ઉમેદવાર વંદનાબેન જાદવ મામલતદાર કચેરી ખાતે જ ભાવુક થઈને રડી પડતા વાતાવરણ ગમગીન અને ઉત્તેજનાભર્યુ બની ગયુ હતું.

કોંગ્રેસના ઉમેદવારોએ ભાજપના આગેવાનો પર ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમણે ફોર્મ પરત ખેંચવા માટે સતત ધાક ધમકી આપવામાં આવી રહી છે. બાબેન બેઠકના મહિલા ઉમેદવાર વંદના જાદવ અને તાલુકા પંચાયત બેઠકના ઉમેદવાર શીવરામ પંડીત જાદવ ને હેરાન કરવામાં આવતા હોવાની ફરીયાદો ઉઠી હતી.

આ મામલે ઉમેદવારોએ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભાવેશ પટેલ સામે સીધો આક્ષેપ કર્યો હતો. મહિલા ઉમેદવારે આક્ષેપ કર્યો હતો કે તેમને અને તેમના પરીવારને માનસિક રીતે ત્રાસ આપી ફોર્મ ખેંચવા દબાણ કરાયુ હતું. અસલામતીની લાગણી અનુભવતા કોંગ્રેસી આગેવાનો તાત્કાલીક અસરથી ઉમેદવારોની સુરક્ષા માટે બારડોલી મામલતદાર કચેરી ખાતે દોડી આવ્યા હતા. આ ઘટનાને પગલે સુરત ગ્રામ્ય ના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો હતો અને લોકશાહીના પર્વમાં ધાક-ધમકીના આક્ષેપોને લઈ અનેક સવાલો ઉભા થયા છે.

# કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ખળભળાટ: ભાજપ સાથે આંતરીક ગોઠવણની ચર્ચાએ જોર પકડયું

પ્રતિનિધિ,ગાંધીનગર




અમદાવાદ મહાનગરપાલિકાની ચુંટણીના મતદાન અગાઉ જ કોંગ્રેસની સ્થિતિ યુદ્ધ પહેલા જ હથિયાર હેઠા મુકવા જેવી થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોગ્રેસના એક પછી એક મજબુત ગણાતા ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લેતા રાજકીય આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. થલતેજ, સરખેજ અને ચાંદલોડીયા જેવા વોર્ડ માં કોંગ્રેસના ગાબડાથી ભાજપને સીધો ફાયદો થયો છે. થલતેજ વોર્ડ માં કોંગ્રેસની રણનીતી પક્ષને જ ભારે પડી છે. છેલ્લી ઘડીએ નિકીતા વાઘેલા ના સ્થાને રમીલાબેન ઠાકોરને ટીકીટ આપવામાં આવી હતી. પરંતુ રમીલાબેને અચાનક ઉમેદવારી પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર રીટાબેન ઠાકોર બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. રાજકીય વર્તુળોમાં એવી પ્રબળ ચર્ચા છે કે આ કોઈ આકસ્મિક ઘટના નથી પણ આંતરીક ગોઠવણનો ભાગ છે, પ્રજાના પ્રતિનિધિ બનતા પહેલા જ ઉમેદવાર વેચાયા હોવાના આક્ષેપોથી કોંગ્રેસની છબી ખરડાઈ છે. સૌથી વધુ ચોંકાવનારો કિસ્સો ચાંદલોડીયા વોર્ડ માં જોવા મળ્યો હતો. ચાંદલોડીયા વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવાર પ્રદિપ શંકરભાઈ પટેલે માત્ર ૨૪ કલાકમાં જ પલ્ટી મારી હતી. અગાઉ તેમણે ભાજપના કાર્યકરો ધમકાવતા હોવાની અને ઓફીસ પર ટોળા આવીને ફોર્મ પરત ખેંચવા દબાણ કરતા હોવાની ફરીયાદ કરી હતી. જો કે આટલી રજુઆતો છતાં અંતે તેમણે ઉમેદવારી પરત ખેંચી લેતા કોંગ્રેસના કાર્યકરોમાં હતાશા વ્યાપી ગઈ છે. માત્ર થલતેજ કે ચાંદલોડીયા નહી , સરખેજ વોર્ડમાંથી પણ કોંગ્રેસના ઉમેદવાર વારીસ સૈયદે પણ ઔડા ઓફીસ જઈ પોતાનુ ફોર્મ પરત ખેંચ્યુ હતું. તો બીજી તરફ કુબેરનગર વોર્ડ નંબર ૧૪ માં અપક્ષ ઉમેદવાર નારણભાઈએ પણ મેદાન છોડયુ હતું. અમદાવાદ મનપામાં કોંગ્રેસના આ ચોથા ઉમેદવારે પલ્ટી મારતા હવે પક્ષમાં આંતરીક વિદ્રોહ અને અસંતોષની જવાળાઓ ઉઠી છે. અમદાવાદ શહેરમાં આ બીજી એવી બેઠક છે જયાં કોંગ્રેસની પીછેહઠ ને કારણે ભાજપ બિનહરીફ જાહેર થયુ છે. તોડજોડ ની આ નીતિ અને ઉમેદવારોના એકાએક ફોર્મ પરત ખેંચાવાથી એવુ લાગી રહ્યુ છે કે કોંગ્રેસ સંગઠન પરથી પકકડ ગુમાવી રહ્યુ છે. મતદાન પહેલા જ ઉમેદવારોના આ પ્રકારે હથિયાર હેઠા મુકવાથી આગામી પરીણામોમાં કોંગ્રેસને મોટુ નુકશાન થવાની ભીતી સેવાઈ રહી છે.

# ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે અનેક બેઠકો પર રાજકીય સમીકરણો બદલાયા : ૩ વાગ્યા સુધીમાં ૧૦ મનપામાં ૫૧ ફોર્મ પરત ખેંચાયા

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી ૨૦૨૬ માટે આજે ૧૫ એપ્રિલે ફોર્મ પરત ખેચવાની અંતિમ મુદત પૂર્ણ થતાની સાથે જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોચ્યો હતો. બપોરે ૩ વાગ્યાની સ્થિતિએ સામે આવેલા સત્તાવાર આંકડા મુજબ રાજયની ૧૦ મહાનગરપાલિકાઓમાં કુલ ૫૧ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લીધા હતા. જયારે ગ્રામીણ ક્ષેત્રે ૨૩ જિલ્લા પંચાયતમાં કુલ ૮૦ ફોર્મ પરત ખેંચાયા હતા. આ આંકડા દર્શાવે છે કે અનેક બેઠકો પર મુખ્ય પક્ષોએ ડેમેજ કંટ્રોલ કરવામાં સફળતા મેળવી છે. મહાનગરપાલિકાઓમાં ૫૧ ફોર્મ પરત ખેંચાતા હવે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ સ્પષ્ટ થયો છે. જો કે કેટલીક બેઠકો પર ત્રિપાંખીયો જંગ હજુ પણ યથાવત છે. તો બીજી તરફ જિલ્લા પંચાયતોમાં ૮૦ જેટલા ફોર્મ પરત ખેંચાતા ગ્રામીણ સ્તરે પણ સમીકરણો બદલાયા છે. જે ઉમેદવારોએ ફોર્મ ખેંચ્યા છે હવે આખરી ચિત્ર સ્પષ્ટ થતા આગામી ૨૬ એપ્રિલે થનાર મતદાન માટે પ્રચાર યુદ્ધ વધુ તેજ બનશે. અંતિમ દિવસે જિલ્લા પંચાયતના કુલ ૮૦ ફોર્મ પરત ખેંચાયા છે. જયારે અમદાવાદ મનપામાં ૧૧, જામનગર માં ૨ ફોર્મ પરત ખેંચાયા છે અને મહેસાણામાં ૬, મોરબીમાં ૩, નડીયાદમાં ૧૦ ફોર્મ પરત ખેંચાયા છે. કરમસદ આણંદમાં ૬, પોરબંદરમાં ૪ ફોર્મ પરત, રાજકોટમાં ૨, સુરત માં ૫, વાપી ૪ ફોર્મ પરત ખેંચાયા છે. જિલ્લા પંચાયતમાં કુલ ૮૦ ફોર્મ પરત ખેંચાયા છે. તો અમદાવાદ જિલ્લા પંચાયતમાં ૩, અમરેલીમાં ૨ ફોર્મ પરત ખેંચાયા છે, સાથે આણંદ, બનાસકાંઠા, જુનાગઢ માં ૩-૩ ફોર્મ પરત ખેંચાયા છે, તો ગાંધીનગરમાં ૧૧ ફોર્મ પરત ખેંચાયા છે, તો બીજી તરફ પોરબંદરમાં ૬ ફોર્મ પરત ખેંચાયા છે.

# પાલનપુરમાં કોંગ્રેસના મહિલા ઉમેદવાર ભાજપના રક્ષણ સાથે ફોર્મ પરત ખેંચવા પહોચ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે પાલનપુરના રાજકારણમાં ભયાનક ગરમાવો જોવા મળ્યો હતો. પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં. ૧ ના કોંગ્રેસના મહિલા ઉમેદવાર આરતીબેન ઠાકોર જયારે ફોર્મ પરત ખેંચવા માટે ચુંટણી કચેરીએ પહોચ્યા ત્યારે દ્રશ્યો જોઈને સૌ કોઈ દંગ રહી ગયા હતા. કોંગ્રેસના આ મહિલા ઉમેદવાર ભાજપના નેતાઓ અને કાર્યકરોની કડક સુરક્ષા અને પહેરા વચ્ચે કચેરીએ પહોચતા જ કોંગ્રેસે હોબાળો મચાવ્યો હતો. વોર્ડ નં. ૧ માં કોંગ્રેસના મજબુત ઉમેદવાર તરીકે આરતીબેન ઠાકોરની ગણના થતી હતી, પરંતુ છેલ્લી ઘડીએ જ રીતે તેઓ ભાજપના નેતાઓ સાથે જોવા મળ્યા, તે જોતા રાજકીય પંડીતો માની રહ્યા છે કે ભાજપે અહીં ઓપરેશન લોટ્સ સફળ બનાવ્યુ છે. આ ઘટનાએ સમગ્ર બનાસકાંઠાના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે જે રીતે ઉમેદવારો એક પક્ષમાંથી બીજા પક્ષના શરણે જઈ રહ્યા છે તેનાથી મતદારોમાં પણ ભારે આશ્ચર્ય જોવા મળી રહ્યુ છે. આરતીબેન ઠાકોરનુ ફોર્મ ખેંચાયા બાદ હવે વોર્ડ નં. ૧ માં સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે.

# વલસાડમાં ચુંટણી અગાઉ જ રાજકીય ડ્રામા ચરમસીમાઃ આમ આદમી પાર્ટીના ઉમેદવારના કથિત અપહરણ મામલે નવો વળાંક

પ્રતિનિધિ,ગાંધીનગર



વલસાડ તાલુકા પંચાયતની વાસણ બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભીખુભાઈ ખંડુભાઈ પટેલનુ અપહરણ થઈ ગયુ હોવાનુ આમ આદમી પાર્ટીએ આક્ષેપ કરી અને ગઈ કાલે ધમાલ મચાવી હતી, જો કે આજે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભીખુભાઈ પટેલ મીડીયા સામે આવ્યા હતા અને તેઓએ મીડીયા સામે જણાવ્યુ હતુ કે તેમનુ કોઈએ અપહરણ નથી કર્યુ, તેઓ પોતે પોતાની મરજીથી તેમના સાળા સાથે મામલતદાર કચેરીથી નીકળ્યા હતા.

જો કે ત્યારબાદ આમ આદમી પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ તેમના ઘરે જઈ અને તેમના પરીવારજનોને ધમકાવ્યા હતા. આમ કલાકો સુધી ગાયબ રહેલા આમ આદમી પાર્ટીના આ ઉમેદવાર આખરે મીડીયા સામે આવી અને સમગ્ર હકીકત વર્ણવી હતી. તેમના મતે તેઓએ ચુંટણી લડવી ન હતી પરંતુ આમ આદમી પાર્ટી દ્વારા તેમને ફોર્મ ભરાવવામાં આવ્યુ અને હવે તેઓ ચુંટણી લડવા માંગતા નથી, તેમનુ કોઈએ અપહરણ પણ કર્યુ નથી, વધુમાં ભીખુભાઈએ આક્ષેપ કર્યો હતો કે આમ આદમી પાર્ટીના અગ્રણીઓ દ્વારા તેમને દબાણ કરવામાં આવી રહ્યુ છે. તેમનુ કોઈ અપહરણ કરી ગયુ હતુ તેવા આક્ષેપ સાથે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવા માટે દબાણ કરવામાં આવી રહ્યુ છે.

મહત્વપૂર્ણ છે કે ગઈ કાલે મંગળવારે ફોર્મ ચકાસણીના દિવસે વલસાડ મામલતદાર કચેરી પર આમ આદમી પાર્ટીના અગ્રણીઓએ હંગામો મચાવ્યો હતો અને તાલુકા પંચાયતની વાસણ બેઠકના ઉમેદવાર ભીખુભાઈ પટેલનુ કોઈ અપહરણ કરી ગયુ હોવાના આક્ષેપ સાથે હંગામો મચાવ્યો હતો. આ મુદ્દો અત્યારે ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે. જો કે હવે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભીખુભાઈ પટેલ ખુદ મીડીયા સમક્ષ આવ્યા અને તેમણે પોતે આ મામલે સ્પષ્ટતા કરી હતી કે તેમનુ કોઈએ અપહરણ કર્યુ નથી તેઓ સ્વેચ્છાએ ત્યાંથી નીકળ્યા હતા અને હવે તેઓ ફોર્મ પરત ખેંચી લેશે. તેઓ ચુંટણી નહી લડવા માટેનુ મન બનાવીને બેઠા છે. આમ આમ આદમી પાર્ટીના ઉમેદવારનુ આ નિવેદન અને આમ આદમી પાર્ટીના અગ્રણીઓ તેમને દબાણ કરતા હોવાના આક્ષેપો કરતા ચકચાર મચી જવા પામી છે.

# સરકારી નોકરીની ભરતીમાં પાસ નહી થઈ શકે તેમ લાગતા યુવાનનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

સરકારી નોકરી માટે પરીક્ષાની તૈયારી કરતા મધ્ય પ્રદેશના યુવાને ભાયલીમાં તેના ભાઈના ઘેર ઝેરી દવા પી ભાઈને જ ફોન કર્યો હતો. દવા પીનારને હોસ્પિટલમાં લઈ ગયાના થોડા સમયમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ મધ્યપ્રદેશના ખંડવા જિલ્લાના પંધાના તાલુકાના આરુદ ગામના મૂળ રહીશ રાજદીપ પરેશરામ પટેલ હાલ ભાયલીમાં બ્રાઈટ સ્કૂલ પાછળ અર્થ એક્રોપોલીશ ખાતેના ફ્લેટમાં છેલ્લા છ માસથી રહે છે અને મકરપુરાની કંપનીમાં નોકરી કરે છે. તેના ભાઈ સંદિપ (ઉ.વ.૨૭)એ તા.૧૨ના રોજ મોડી રાત્રે ઝેરી દવા પી લેતા તેને ગોત્રી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો જ્યાં તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે રાજદીપે ભાઈના મોત અંગે પોલીસને જણાવ્યું હતું કે તેના ભાઈએ એગ્રીકલ્ચરમાં બીએસસી કર્યું હતું અને મધ્યપ્રદેશની જિલ્લા સહકારી કો.ઓ. બેંકમાં સોસાયટી મેનેજરની પોસ્ટ માટે વર્ષ-૨૦૨૪માં પરીક્ષા આપી હતી પરંતુ પાસ થયો ન હતો. ચાર માસ પહેલા તેને વડોદરા ખાતે સરકારી પરીક્ષાની તૈયારીઓ કરવા માટે લાવ્યો હતો અને તે રોજ ગોત્રી ખાતેની લાઈબ્રેરીમાં વાંચવા જતો હતો.

તા.૩ના રોજ હું કામ માટે વતનમાં ગયો હતો ત્યારે તા.૧૨ની રાત્રે સંદિપે મને ફોન કરીને જણાવેલ કે સરકારી નોકરીની પરીક્ષાની તૈયારી કરવા માટે વાંચવા મન લાગતું નથી, કોઈ સરકારી ભરતી પાસ થઈ શકે તેમ પોતે સક્ષમ નથી જેથી કંટાળીને દવા પીધી છે, મને પેટમાં દુઃખે છે, તબિયત સારી નથી. આમ ફોન પર મને કહેતાં જ મેં ફોન કટ કરી મારા વડોદરામાં રહેતા સંબંધીને ફોન કરીને વાત જણાવતા તેઓ ફ્લેટ પર ગયા હતા અને મારા ભાઈને હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં. અમે વડોદરા આવતા હતા ત્યારે રસ્તામાં તેના મોતના સમાચાર જાણવા મળ્યા હતાં. આ અંગે તાલુકા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સરકારી ખરાબાની જમીન પર દબાણ મામલે બે જૂથો વચ્ચે ઘર્ષણ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેરના છેવાડે આવેલા દરેડ ઉદ્યોગ નગરમાં સરકારી ખરાબાની જમીન પર કબ્જો જમાવવાના મુદ્દે બે જૂથો વચ્ચે તકરાર થતાં ઔદ્યોગિક વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દરેડ ઉદ્યોગ નગર નજીક સરકારી જમીન પર આવેલીમાં એક ગૌશાળા અને જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન વચ્ચે ડમ્પિંગ પોઈન્ટની જમીન પર કબ્જાના મામલે ઘર્ષણ થયું હતું.એસોસિએશન દ્વારા આ સરકારી જગ્યાનો ઉપયોગ વર્ષોથી ઉદ્યોગોમાંથી નીકળતા કચરાના નિકાલ માટે હંગામી ડમ્પિંગ પોઈન્ટ તરીકે કરવામાં આવે છે, જેનો વહીવટ એક કોન્ટ્રાક્ટર દ્વારા સંભાળવામાં આવે છે. બીજી તરફ, ગૌશાળાના સંચાલકો દ્વારા આ જમીન પર દીવાલ ચણીને દબાણ કરવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે બંને પક્ષોના ૨૫ થી ૩૦ લોકોનું ટોળું સામસામે આવી ગયું હતું, આખરે પોલીસ કાફલાને ઘટનાસ્થળે દોડી જઈને મામલો થાળે પાડવાની ફરજ પડી હતી.